## જન્મદિને વધામણી


વીરાભાઈ પટેલ


શાન્તાબેન કેશુભાઈ દેસાઈ
મો. ૯૮૭૯૫ ૪૩૧૩૨


નટુભાઈ કે દરજી
મો. ૯૮૨૪૬ ૯૧૯૨૬


રમીલાબેન અશોકકુમાર શાહ
મો. ૯૭૨૫૦ ૪૪૫૯૯


જગદીશચંદ્ર વી પટેલ
મો. ૯૪૨૭૦ ૧૧૩૬૮


દિપા બિમલકુમાર રાવલ
મો. ૯૪૦૮૭ ૭૮૫૯૩


યોગેશભાઈ વી પટેલ
મો. ૯૨૨૮૧ ૭૨૪૮૩


સુમિત્રા હરેશકુમાર પાલવીયા
મો. ૯૯૦૪૫ ૮૨૪૩૫

## કસ્તૂરબા સ્ત્રી અધ્યાપન મંદિરનું ગૌરવ



ગાંધીનગર, તા. ૨૦
કોબા કૉલેજની પ્રશિક્ષણાર્થી રીમા રાજેશભાઈ પટેલે રાજ્ય પરીક્ષા બૉર્ડ દ્વારા લેવાયેલી પ્રથમ વર્ષ લીઍલએડ (પીટીસી) પરીક્ષામાં ૯૧.૩૪ ટકા સાથે ઉત્તીર્ણ થઈ ગાંધીનગર જિલ્લામાં પ્રથમ પ્રાપ્ત કર્યો છે. આ સાથે રીમાએ સંસ્થામાં પણ પ્રથમ ક્રમ મેળવી કસ્તૂરબા ઍવોર્ડ પ્રાપ્ત કર્યો છે. સંસ્થાનું પ્રથમ વર્ષનું પરિણામ ૯૭ ટકા અને દ્વિતિય વર્ષનું પરિણામ ૯૩ ટકા આવ્યું છે. સંસ્થાનાં આચાર્ય ડૉ. ગાયત્રીબેને રીમા સહિત પાસ થનારી સૌ પ્રશિક્ષણાર્થીઓને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

## અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો





કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન કાર્યક્રમનું આયોજન સોમવારે શેઠ શ્રી ખીમજી વિશ્રામ હૉલ ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ગુજરાત કૉમર્સ કૉલેજના અધ્યાપક જયેન્દ્રસિંહ જાદવ ઉપસ્થિત રહ્યા હતા જેમણે વિદ્યાર્થીઓને જીવનમાં સફળ થવા આત્મવિશ્વાસ, શ્રદ્ધા, સર્જનાત્મકતા, સંપર્ક અને એકાગ્રતા જેવા ગુણો કેળવવાનો અનુરોધ કર્યો હતો. કૉલેજના આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝા દ્વારા વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા અને કૉલેજ જીવનમાં પડકારોનો સામનો કરવા માટે હકારાત્મક બનવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને કૉલેજના વિવિધ પ્રવૃત્તિ ઈન-ચાર્જ દ્વારા કૉલેજમાં થઈ રહેલી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. જીનાલી પટેલે કર્યું હતું.

## પ્રેરણા વિદ્યાલય ખાતે શાળા પ્રવેશોત્સવ ઉજવાયો



પ્રેરણા વિદ્યાલય, સેક્ટર-૫ ખાતે ધોરણ-૧ના વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો, જે અંતર્ગત ૫૦ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગની શરૂઆત શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થના, સ્વાગત ગીતથી કરવામાં આવી હતી. એ પછી શિક્ષક રીપલબેન પદ્‌માણીએ પ્રવેશોત્સવ વિશેની માહિતી આપી હતી અને સર્વ બાળકોને કુમકુમ તિલક કરી શાળામાં આવકારવામાં આવ્યાં હતાં. ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા અને આચાર્ય મનિષભાઈ ખત્રી દ્વારા વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા, સુંદર વાર્તા કહેવામાં આવી હતી અને કલર પૅન્સિલ આપી મોં પણ મીઠું કરાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક પ્રગીતાબેન ગોંડલીયા દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ઉડતા પંજાબ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
ફાઈન્ડિંગ ડોરી (૩ડી, અંગ્રજી)
૨.૩૦, ૭.૧૫
ફાઈન્ડિંગ ડોરી (૩ડી, હિન્દી)
૫.૦૦, ૯.૩૦
**સ્ક્રીન-૪**
લવ યુ આલિયા
૧૨.૪૫
હાઉસફુલ-૩
૩.૩૦, ૧૦.૦૦
ટીન
૭.૦૦
**સ્ક્રીન-૫**
ઉડતા પંજાબ
૧૦.૦૦. ૨.૦૦. ૫.૦૦
ધનક
૭.૪૫, ૧૦.૦૦

## હરેકૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા ચિડા-દહીં મહોત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૦
દર વર્ષની જેમ આ વર્ષે પણ હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા ચિડા-દહીં મહોત્સવની ઉજવણી ખૂબ જ ધામધૂમથી કરવામાં આવી હતી જેમાં પાલકી ઉત્સવ, ભગવાન શ્રી શ્રી નિતાઈ ગૌરાંગને ભવ્ય અભિષેક અને નૌકાવિહાર તેમજ ઉપસ્થિત સર્વે ભક્તોનો ચિડા-દહીં મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યુ હતું. ઉત્સવ દરમ્યાન મંદિરમાં આવેલ કુંડને રંગબેરંગી ફૂલો કે જે નિર્મળ જળ ઉપર તરતા રહે તેમ સુંદરરીતે શણગારવામાં આવ્યો હતો. ભગવાન શ્રી શ્રી નિતાઈ ગોરાંગને મંદિરના મુખ્ય ગર્ભગૃહમાંથી સુંદર રીતે શણગારેલ પાલકી દ્વારા મંદિરકુંડમાં લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ભગવાનશ્રીનો દૂધ, દહીં, મધ, ગોળનુ પાણી, અને વિશેષ ફળોના રસ દ્વારા ભવ્ય અભિષેક કરવામાં આવ્યો. અભિષેકના જ ભાગરૂપે ભગવાનની પ્રતિમાને કુંડમાં ડૂબાડીને સ્નાન કરાવવામા આવ્યું તેમજ તેમને પૂષ્પો અર્પણ કરવામાં આવ્યા. અભિષેક બાદ ભવ્ય આરતી કરવામાં આવી અને ત્યારબાદ ભગવાનની પ્રતિમાને મંદિરના કુંડમાં નૌકાવિહાર કરાવવામાં આવી. પૌઆને ઘટ્ટકરલે દૂધ, દહીં, ખાંડ, કેરી વિગેરે સાથે મિશ્ર કરીને જે રીતે રઘુનાથ દાસા કે જે ચૈતન્ય મહાપ્રભુ (ભગવાન શ્રીકૃષ્ણનો જ અવતાર) ના સર્વોચ્ચ ભક્ત હતા જેમણે આશરે ૫૦૦ વર્ષ પહેલા કલકત્તા નજીક આવેલ પાનીહાટી ગામમાં એ સમયે ભક્તો માટે જે રીતે બધી તૈયારી કરી હતી તે મુજબ વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ વ્યંજનો બનનાવવામાં આવ્યા હતા.

## અડાલજની માણેકબા ડીઍલઍડ કૉલેજનું ઝળહળતું પરિણામ


કોમલ ચાવડા


આશાબેન ઓડ

ગાંધીનગર, તા. ૨૦
ગુજરાતના પાટનગર ગાંધીનગરને અડીને આવેલ ગાંધી ચિંધ્યા માર્ગે સ્ત્રી કેળવણીનું કામ કરી રહેલ અડાલજની શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિરનું પ્રથમ વર્ષનું ૧૦૦ ટકા પરિણામ અને બીજા વર્ષનું પરિણામ ૯૮ ટકા છે. સાથે સમગ્ર રાજ્યના ટોપર્સમાં આશાબેન દીનુભાઈ ઓડ ૬૭૦માંથી ૬૦૭ ગુણ મેળવી ૯૦.૬૦ ટકા અને કોમલબેન હરગોવનભાઈ ચાવડા ૯૦.૪૫ ટકા સાથે રાજ્યમાં ટોપ ટેનમાં અગ્રેસર રહ્યાં છે.

વર્ષોથી ગુજરાતની ઉત્તમ શિક્ષિકાઓ તૈયાર કરતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિરમાં આ વર્ષે ગાંધીનગર જિલ્લાના ટોપ ટેનમાં બીજા વર્ષમાં ૧થી ૧૦ ક્રમ અને પ્રથમ વર્ષમાં ૨થી ૧૦ નંબર એમ સળંગ ટોપર્સ રહી જિલ્લામાં અગ્રેસર રહેલ છે. જિલ્લાના ટોપ ટેનમાં પ્રથમ વર્ષમાં આશા ઓડ ૯૦.૬ ટકા સાથે દ્વિતિય, કોમલ ચાવડા ૯૦.૪૫ ટકા સાથે તૃતિય, પ્રિયંકા ખાંટ ૯૦.૩ ટકા સાથે ચતુર્થ અને ૯૦ ટકા સાથે નિરંજના બારીયા પાંચમો ક્રમ મેળવે છે. દ્વિતિય વર્ષમાં જયશ્રી સોલંકી ૮૧.૪૦ ટકા સાથે પ્રથમ, નિશા ઠાકોર ૮૧.૩૦ ટકા સાથે બીજા, રજનીતા ગોધા ૮૧.૨૦ ટકા સાથે ત્રીજા, વિમિતા ઠાકોર ૮૦.૬૦ ટકા સાથે ચોથા, નિશા મનસૂરી ૭૯.૨૦ ટકા સાથે પાંચમા ક્રમે ઉત્તીર્ણ થયાં છે ને જિલ્લાના તમામ ટોપ ટેન સંસ્થાની પ્રશિક્ષણાર્થીઓને ફાળે જાય છે. દર વર્ષની જેમ પ્રશિક્ષણાર્થીઓએ આ વર્ષે પણ જ્વલંત પરિણામ મેળવી સફળતાનાં શિખરો સર કરી સંસ્થાને ગૌરન્વાન્વિત કરેલ છે, સંસ્થાના સુચારૂ આયોજન અને વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોના સ્માર્ટ વર્કને કારણે સંસ્થા પરિણામો તથા વિવિધ સૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સતત અગ્રેસર રહે છે એમ જણાવતાં પ્રથમ અને બીજા વર્ષની પ્રશિક્ષણાર્થીઓને સુંદર પરિણામ બદલ સંસ્થાનાં આચાર્ય સુરેખાબેન ચૌધરી, સ્ટાફ પરિવાર, સંચાલક મંડળે અભિનંદન પાઠવ્યા છે.

## ભારત વિકાસ પરિષદ દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ



ગાંધીનગર શહેરનું નામ જેમ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં કૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યું છે એમ જ સેવા પ્રવૃત્તિઓમાં પણ તેજ ગતિએ આગળ વધી રહ્યું છે. અનેક વ્યક્તિઓ, સંસ્થાઓ અનેક પ્રકારની સેવાઓમાં અહીં રત છે. આવી જ એક સંસ્થા છે ભારત વિકાસ પરિષદ, જેના દ્વારા ગોકુળપુરા સામે આવેલી સેવા વસતીમાં અભ્યાસ કેન્દ્ર ચલાવવામાં આવે છે. તરૂણભાઈ ઠક્કર તેમજ યુવા ટીમના અન્ય સભ્યો દર શનિ-રવિ બે કલાક ઝૂંપડપટ્ટીનાં લગભગ ૫૦ જેટલાં બાળકોને ભણાવે છે. રવિવારે સાંજે ૬ વાગ્યે આ અભ્યાસ કેન્દ્રમાં આવતાં બાળકોને ભારત વિકાસ પરિષદ દ્વારા સ્કૂલબૅગ, કંપાસ, ચોપડાઓ વગેરે વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## આજના યુવાનો દ્વારા રૂઢિચુસ્ત 'ઍજ્યુકેશન લાઈન્સ'ની પરંપરાનું સગર્વ ખંડન

એપલ કંપનીની સ્થાપના કરીને વિશ્વમાં કૉમ્પ્યુટર ક્રાંતિ સર્જનારા સ્ટીવ જૉબ્સે એક યાદગાર સૂત્ર આપ્યું, 'થિન્ક ડિફરન્ટ'. મતલબ કે બીજા કરતાં અલગ રીતે વિચારો. સ્ટીવ જૉબ્સનું આ સૂત્ર સફળતાનો મંત્ર છે. દુનિયા સતત બદલાઈ રહી છે અને તેના કારણે કેરિયર વિશેના વિચારો પણ બદલાઈ રહ્યા છે. એક સમય હતો જ્યારે ડૉક્ટર, ઍન્જિનીયર કે ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ જેવા પ્રૉફેશનલ તરીકેની કેરિયર જ શ્રેષ્ઠ મનાતી. એ પછી તેમાં ઍમબીએ થઈને કોઈ મોટી કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર પસંદ થવું કે આઈટી પ્રૉફેશનલ બનીને કોઈ મોટી કંપનીમાં કામ કરવું જેવી કેરિયરનો ઉમેરો થયો. આજના યુવાનો કેરિયર માટેના આ બધા વિચારોના દાયરામાંથી બહાર નીકળી ગયા છે. કેરિયરના પુષ્કળ વિકલ્પો ઉપલબ્ધ છે. જેની કદાચ દસ વર્ષ પહેલાં કલ્પના પણ ના કરી હોય તેવા ક્ષેત્રમાં ફ્લાઈંગ કેરિયર બનાવી શકાય છે. જે ક્ષેત્ર વિશે કદી વિચાર્યું પણ ના હોય તેવા ક્ષેત્રમાં આગળ વધીને સફળ થઈ શકાય છે.




બ્રિલિયન્ટ ને બાહોશ યુવાનો રૂઢિચુસ્ત શૈક્ષણિક 'લાઈન્સ'ની પરંપરાને વટ કે સાથ તોડી રહ્યા છે. મૅડિકલમાં ઍડમિશન મળી શકે તેમ હોવા છતાં ફૂડ પ્રોસેસિંગ કે ઍડવર્ટાઈઝીંગ જેવી શાખામાં આગળ વધવાનું તેઓ પસંદ કરે છે. જાણીતો ક્રિકેટ કોમેન્ટ્રેટર હર્ષ ભોગલે અમદાવાદની આઈઆઈઍમમાંથી




ઍમબીએ થયો છે પણ તેને ક્રિકેટ કોમેન્ટ્રીમાં રસ-ઋચિ હોઈ તે એકમાત્ર એવો સફળ ટીવી કોમેન્ટ્રેટર બની શક્યો છે કે જે ભૂતપૂર્વ ક્રિકેટર ન હોવા છતાં એક મૅચની કોમેન્ટ્રી આપવાના તેના ખાસ્સા રૂપિયા રળી લે છે. ઍમબીએ થઈને કોઈ મલ્ટીનેશનલ કંપનીમાં સીઈઓની નોકરીના બે-ત્રણ મહિનાના પગાર જેટલી રકમ તે એક વન ડે મૅચની કોમેન્ટ્રીમાંથી મેળવી લેતા હશે.

દરેક વ્યક્તિને કુદરતે કંઈક ને કંઈક આવડત, શોખ, ઋચિ કે ટૅમ્પરામૅન્ટ આપેલો છે. તેને શોધી કાઢવો જોઈએ અને વ્યક્તિ તેને અનુરૂપ નોકરી કે વ્યવસાય કરે તો તેમાં તે પરંપરાગત ઋઢિવાદી તરીકે મળેલી ઍડમિશનની લાઈન કરતાં નિશ્ચિત રીતે દીપી ઊઠશે. અને તે માટે મૅડલ મળે કે ન મળે તેની પરવા કરવાની જરૂર નથી.

દિલ્હીના જયેન્દ્ર અને નિતીને બીકૉમ ગ્રૅજ્યુએશન કર્યું છે પણ તેઓને એક જ ઈચ્છા હતી કે અમેરિકન સ્ટાઈલનું અદ્યતન ફાસ્ટફૂડ પાર્લર બનાવવું. તેઓ અન્ય શાખામાં પ્રવેશ મેળવી શકે તેવા હોંશિયાર હતા છતાં લોન લઈ, નવી દૃષ્ટિ ઉમેરી તેમણે પાર્લરને વિકસાવ્યું. આજે તેમણે એક સીએ, બે ઍમબીએ તેમજ પાંચ ગ્રૅજ્યુએટ્સને નોકરીએ રાખ્યા છે. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અબુલ પકીર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ સાહેબના બાળપણનો એક પ્રસંગ યાદ આવે છે.

બાળ અબ્દુલ કલામ એક દિવસ સમી સાંજે દરિયા કિનારે ઊભા હતા. એક રમકડાંવાળો રંગબેરંગી રમકડાંનાં વિમાનો હવામાં ઊડાડતો હતો એને બાળ કલામ જોઈ રહ્યા હતા. એને જોઈને રમકડાંવાળાએ પૂછ્યું, 'તારે વિમાન ખરીદવું છે?' બાળ કલામે એ રમકડાંવાળાને જવાબ આપ્યો, 'ચાચા, મારી પાસે આ વિમાન ખરીદવાના પૈસા નથી પણ હું મોટો થઈને ખૂબ ભણીશ અને આકાશમાં ઉડતાં આવાં વિમાનો બનાવીશ.' દૃઢતાપૂર્વક બાળ કલામે જોયેલું એ સ્વપ્ન પરિશ્રમ સાથે નિષ્ઠાપૂર્વક તેમણે સાકાર કરી બતાવ્યું. આવી જ એક ઉલ્લેખનીય વાત અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકનની છે. ખેડૂતપુત્ર એવા લિંકને માત્ર નવ વર્ષની વયે માતાનું છત્ર ગુમાવ્યું. ૧૫-૧૫ કિમી ચાલીને લિંકન લાઈબ્રેરીમાંથી પુસ્તકો લાવીને વાંચતા. ખૂબ સામાન્ય દેખાવ અને ગરીબ પરીવારમાં જન્મ. દસ-દસ વખત અમેરિકાના પ્રમુખની ચૂંટણીમાં હારનો સામનો કર્યા પછી જે વ્યક્તિ ડગ્યો નહીં અને આખરે અમેરિકાનો રાષ્ટ્રપ્રમુખ બન્યા.

જીવનમાં સફળતા માટે બે બાબતો આવશ્યક નહીં અનિવાર્ય છે. એક તો યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવો અને બીજું નિર્ણય લીધા પછી કોઈપણ સંજોગોમાં તેને મક્કમતાથી વળગી રહેવું. કારકિર્દીની પસંદગીમાં બીજી એક વાત છે કે ક્યારેય કોઈનાથી અંજાઈને નિર્ણય ના કરવો. જે અંજાય છે તે છેતરાય છે. કારકિર્દી અંગેનો અંજાયેલો નહીં, પણ મંજાયેલો જ હોવો જોઈએ. મંજાયેલો એટલે કે બધી જ બાજુથી વિચાર કરીને લેવાયેલો નિર્ણય. આપણા જીવનના ઈ-મેઈલ આઈડીના ઈનબૉક્સમાં હતાશા, નિરાશા કે નાસીપાસ જેવા શબ્દોને ક્યારેય સ્થાન જ ના હોવું જોઈએ. ભૂલથી પણ જો જીવનના કૉમ્પ્યુટરના સ્ક્રિન પર આવા શબ્દો દેખાઈ જાય તો તરત જ તેને ડિલીટ કરી નાખવાના. ભગવાન આપણને જે સંજોગો આપે છે તે સંજોગોમાં જ આપણે શ્રેષ્ઠ પરિણામ લાવવાનું હોય છે.

મહાભારતના બે પ્રસંગો તમને યાદ હશે જ ! પ્રથમ પ્રસંગ અર્જુનનો જેને લક્ષ્યભેદન વખતે માત્ર પક્ષીની આંખ જ દેખાય છે. અને બીજો પ્રસંગ એકલવ્યનો, જેણે ગુરુ દ્રોણની પ્રતિમા બનાવીને તેમને ગુરુ ગણીને પોતાની રીતે જ સખ્ત પરિશ્રમ અને સાધનાથી તિરંદાજીમાં નિપુણતા પ્રાપ્ત કરી. આ બંને કિસ્સામાં લક્ષ્યાંક પ્રાપ્તિ સામ્યતા ધરાવે છે. માત્ર વાતો કરવાથી, બિનજરૂરી શક્તિ વેડફીને લક્ષ્યાંક પ્રાપ્ત કરી શકાતો નથી. સફળતા મેળવવાનું લક્ષ્ય નક્કી કરવું, તે પ્રાપ્ત કવું એ બંને એકબીજા સાથે પરસ્પર જોડાયેલા છે.

જીવન સતત 'આગે બઢો'નો લલકાર છે, પડકાર છે. કોઈપણ વ્યક્તિ કે જે મહત્ત્વાકાંક્ષી છે અને જીવનમાં સદાય અગ્રેસર રહેવા ઈચ્છે છે, તેમણે લક્ષ્યનિર્ધારણ ગંભીરતાપૂર્વક કરવું જોઈએ. સફળ એવા જ લોકો થાય છે કે જેઓ ચોક્કસ ધ્યેય સાથે, આયોજનબદ્ધ, પૂર્ણ ધગશ અને વિશ્વાસ સાથે નિર્ધારિત લક્ષ્ય તરફ આગળ વધે છે.

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જૂન માસનો વિષય છે :

**'મારા પ્રેમાળ પાડોશી'**